સંક્ષિપ્ત સમાચાર

પલસાણાના જોળવા પાટિયા પાસે ૩.૨.૯૦ લાખના ગાંજા સાથે બે ઝડપાયા

પલસાણા: પલસાણા પોલીસ ટીમે બાતમીના આધારે બગુમરાની સીમમાં વોચ ગોઠવવામાં આવી હતી. તપાસ દરમિયાન દિલીપ રંકનીધી પટીઆરી (રહે.,ગીતા કોમ્પ્લેક્સ, જોળવા, તા.પલસાણા, જિ.સુરત, મૂળ રહે.,ગંજામ, ઓડિસા) અને સુધીર પ્રફુલ સ્વાંઇ (રહે.,કાંડેશ્વર ગામ, જિ.ગંજામ, ઓડિસા) શંકાસ્પદ હાલતમાં મળી આવ્યા હતા. તેમની જડતી લેતા તેમની પાસે રહેલી 'Skybags' લખેલી બ્લુ અને સફેદ કલરની બેગમાંથી માદક પદાર્થ ગાંજો મળી આવ્યો હતો. પોલીસે કુલ ૫.૮૦૩ કિલોગ્રામ ગાંજો કિં.રૂ.આશરે ૨,૯૦,૫૫૦, મોબાઈલ ફોન અને રોકડ રકમ મળી કુલ ૩,૦૧,૦૮૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો છે. પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું છે કે આ જથ્થો ઓરિસ્સાના ભંજનગર પાસેના જંગલ વિસ્તારમાંથી મંગાવવામાં આવ્યો હતો. આ ગુનામાં માલ મંગાવનાર 'જય' નામનો ઇસમ અને માલ મોકલનાર અજાણ્યો શખ્સ હાલ પોલીસ પકડથી દૂર છે. પલસાણા પોલીસે નોંધી વધુ તપાસ કડોદરા પોલીસ સ્ટેશનના પી.આઈ. વી.એ. દેસાઇને સોંપી છે.

કુકરમુંડામાં સાઇબર ફ્રોડના ૨ આરોપી ઝડપાયા

કુકરમુંડા: રાજ્યભરમાં ચાલી રહેલા ઓપરેશન મ્યુલ હંટ અંતર્ગત કુકરમુંડા પોલીસે સાયબર ફ્રોડ કેસમાં મહત્ત્વપૂર્ણ કાર્યવાહી કરી બે આરોપીને ઝડપી પાડ્યા છે. આરોપીઓ મ્યુલ બેંક એકાઉન્ટનો ઉપયોગ કરી છેતરપિંડીનાં નાણાં ટ્રાન્સફર કરાવતા હતા. તા.૨૦ નવેમ્બર-૨૦૨૫ના રોજ અજાણ્યા ઈસમોએ ફરિયાદીને વિશ્વાસમાં લઈ પ્લમ્બિંગ કામની લાલચ આપી અલગ-અલગ ટ્રાન્ઝેક્શન મારફતે કુલ ૩.૬૧,૦૦૦ની ઓનલાઇન છેતરપિંડી કરી હતી. આ અંગે કુકરમુંડા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતાં પોલીસ ઈન્સ્પેક્ટર આઈ.ડી. દેસાઈના માર્ગદર્શન હેઠળ તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન મુસ્તુફા ઉર્ફે ખસીયો અનવરભાઈ દાણાવાલા (ઉ.વ.28) (રહે.,ધોરાજી, રાજકોટ) અને સલમાન જબ્બાર ફકીર (ઉ.વ.34) (રહે.,ધોરાજી, રાજકોટ) ને તા.૨૪/3/૨૦૨૬ના રોજ ઝડપી પાડવામાં આવ્યા છે. આ કેસમાં શકીલ, સિરાજ અને વિજય ભુપત નકુમ હજુ ફરાર છે, જેમની શોધખોળ ચાલુ છે. હાલ બે આરોપીને ઝડપી પાડી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

કામરેજમાં મુસાફરના સ્વાંગમાં બેઠેલા ગઠિયાઓએ યુવકને લૂંટ્યો

કામરેજ: મૂળ ઉત્તરપ્રદેશના સુજાનપુર અને હાલ કામરેજના નવી પારડીની હદમાં સુમુલ ડેરીની પાછળ શુભમ સોસાયટીમાં આશિષ મેનબહાદુર સિંગ રહે છે. બુધવારે સવારે નોકરી પરથી સાંજે ઘરે આવીને સાંજના આશરે 4.30 કલાકે રૂપિયા જમા કરાવવા માટે રૂમ પરથી રાજ હોટલ પર જવાનું હોવાથી રોડ પર ઓટો રિક્ષાની રાહ જોઈને ઊભો હતો. ત્યારે રિક્ષા નં.(જીજે 05 સીવી 4272)માં બેસી રિક્ષા ચાલક તેમજ અન્ય ત્રણ ઈસમ બેઠા હતા, જેમાં રાજ હોટલ જવા માટે નીકળ્યો હતો. રિક્ષા થોડે આગળ જતાં ઊભી રાખી ડ્રાઈવરની બાજુમાં બેસાડ્યો હતો. બાદ થોડીવાર પછી ફરી પાછળની સીટમાં બેસાડ્યો હતો. આગળ જતાં સરકારી સ્કૂલની નજીક રિક્ષામાંથી નીચે ઉતારી દીધો હતો. આથી શંકા જતાં ખિસ્સામાં મૂકેલા રોકડા રૂ.2300, મોબાઈલ ફોન પર ન જોવા મળતાં કામરેજ પોલીસ મથકમાં રિક્ષામાં મુસાફરોના સ્વાંગમાં બેસેલા તેમજ રિક્ષા ચાલક સહિત ચાર લોકો સામે ફરિયાદ નોંધાવી હતી. જે ચોરીના આરોપીઓ સમીર સમસુદીન શેખ (ઉ.વ.24) (રહે.,શીતલ સિનેમા પાછળ, અડાજણ), સોહિલ શકીલ શેખ(ઉ.વ.20) (રહે.,રૂસ્તમપુરા, સુરત) અને ફારૂક કાલુ શેખ (ઉ.વ.33) (રહે.,મુમદાવાડ, ગોપીપુરા, સુરત)ને રાજ હોટલ પાસેથી પકડી પાડ્યા હતા. જ્યારે મુખ્ય સૂત્રધાર નવાઝ ઉર્ફે મોડલ (રહે.,લિંબાયત) નાસી છૂટ્યો હતો. પોલીસે ચોરી કરેલા રોકડા રૂપિયા, મોબાઈલ તેમજ ચોરીમાં વપરાયેલી રિક્ષા કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

માંડવી ડેપોને નવી ગુર્જર નગરી બસ મળી

માંડવી: માંડવી બસ સ્ટેશન ખાતે ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિના હસ્તે માંડવી ડેપોને નવી આધુનિક "ગુર્જર નગરી" બસને લીલી ઝંડી આપવામાં આવી હતી. આ નવી બસ સેવા માંડવીથી અમદાવાદ સુધીની મુસાફરી માટે ઉપલબ્ધ થશે. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર જાહેર પરિવહન વ્યવસ્થાને વધુ સુવિધાસભર અને આધુનિક બનાવવા સતત પ્રયત્નશીલ છે. "ગુર્જર નગરી" જેવી નવી બસ સેવાઓ શરૂ થવાથી ગ્રામ્ય અને શહેરી વિસ્તારો વચ્ચેનું જોડાણ મજબૂત બનશે. આ કાર્યક્રમમાં ડેપો મેનેજર, સ્થાનિક આગેવાનો, જનપ્રતિનિધિઓ, અધિકારીઓ અને કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

ઉચ્છલ મામલતદાર કચેરી પાસે પોલીસે પકડેલી કારમાં અચાનક આગ લાગી

વ્યારા: ઉચ્છલમાં મામલતદાર કચેરી પાસે પોલીસ દ્વારા પકડવામાં આવેલી એક કારમાં અચાનક આગ ફાટી નીકળતાં દોડધામ મચી ગઈ હતી. મળતી માહિતી મુજબ ઉચ્છલ મામલતદાર કચેરી પાસે ઉચ્છલ પોલીસે ગુનામાં પકડેલી કારમાં ગતરોજ સાંજના સુમારે અચાનક આગ ભભૂકી ઊઠી હતી. જેને લઇ અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પોલીસકર્મીઓ દ્વારા પાણી છંટકાવ કરી કારમાં લાગેલી આગને કાબૂમાં કરવાનો પ્રયત્ન કરાયો હતો. જો કે, આગ ઓલવાય એ પહેલા કાર સંપૂર્ણ બળીને ખાખ થઈ ગઈ હતી. જો કે, કારમાં આગ લાગવાનું કારણ જાણવા મળ્યું ન હતું. આગ કાબૂમાં આવતાં નજીકના અન્ય વાહનો આગની લપેટમાં આવતાં બચ્યાં હતાં. સદ્નસીબે ઘટના સ્થળે કોઈ જાનહાનિ થઈ નહોતી.

દામોદરદાસ ગાંધી હોસ્પિટલની સભામાં પ્રમુખને મારી નાંખવાની ધમકી

કડોદની હોસ્પિ.ની સભામાં ટોળાંનો આતંક

'તમારા બાપની હોસ્પિટલ છે?' કહી હોસ્પિટલના વહીવટમાં સભ્ય પદ માટે દબાણ કર્યું

બારડોલી: બારડોલીના કડોદ સ્થિત દામોદરદાસ ગાંધી હોસ્પિટલના સંકુલમાં ગુ રુવારે સવારે ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ટ્રસ્ટની સત્તાવાર સાધારણ સભા ચાલી રહી હતી. ત્યારે અચાનક ધસી આવેલાં ટોળાંએ મિટિંગમાં વિક્ષેપ પાડી, મેનેજર પાસેથી સભાબુક ઝૂંટવી લઈ કાગળોને નુકસાન પહોંચાડ્યું હોવાની ગંભીર ફરિયાદ ઊઠી છે.

ટ્રસ્ટના પ્રમુખ કેતનભાઈ જશુભાઈ પટેલે પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ સવારે ૯ વાગ્યાના સુમારે ધ્રુવિલ દીપેન ગાંધી, યોગેશ રતિલાલ શર્મા, ડો.અનુપ વ્યાસ સહિત અન્ય ૮ નામી અને ૧૦ અજાણ્યા શખ્સોના ટોળાએ હોસ્પિટલ પરિસરમાં ગેરકાયદે પ્રવેશ કર્યો હતો. આ શખ્સોએ 'તમારા બાપની હોસ્પિટલ છે?' જેવા ઉશ્કેરણીજનક શબ્દો વાપરી હોસ્પિટલના વહીવટમાં ભાગીદારી અને સભ્યપદ માટે દબાણ કર્યું હતું.

આ ઘટનાને કારણે હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓ અને તેમના સગાઓમાં ભારે ભયનો માહોલ જોવા મળ્યો હતો. પ્રમુખે આક્ષેપ કર્યો છે કે આરોપીઓએ તેમને અને ટ્રસ્ટના સભ્યોને જાનથી મારી નાંખવાની તેમજ ખોટા પોલીસ કેસમાં ફસાવી દેવાની ખુલ્લી ધમકીઓ આપી છે. હોસ્પિટલ વહીવટદારોના જણાવ્યા અનુસાર આ સમગ્ર વિવાદના સીસીટીવી ફૂટેજ ઉપલબ્ધ છે, જે પોલીસને સોંપવામાં આવશે. આ મામલે રૂરલ પોલીસ સ્ટેશન, બારડોલીમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે અને નકલ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સુધી રવાના કરવામાં આવી છે. વારંવાર થતી આવી પજવણી સામે હોસ્પિટલ સ્ટાફ અને મેનેજમેન્ટે હવે કડક કાર્યવાહીની માંગ કરી છે.

ભ્રષ્ટાચાર મામલે પ્રમુખ જવાબ ન આપી શક્યા: બીપીનભાઈ પટેલ

બીજી તરફ સામા પક્ષના સભ્ય બીપીનભાઈ પટેલે દાવો કર્યો હતો કે, સભામાં ભ્રષ્ટાચાર મામલે સવાલો કરવામાં આવતાં પ્રમુખ જવાબ આપી શક્યા ન હતા અને સભા છોડી ગયા હતા. સભા રદ થઈ ન હતી. પરંતુ પૂર્ણ કરવામાં આવી હતી અને ત્રણેય સભ્યને ડિરેક્ટર તરીકે નિયુક્ત કરી દેવામાં આવ્યા છે.

શું કહે છે પ્રમુખ કેતનભાઈ પટેલ

આ ઘટના અંગે પ્રમુખ કેતનભાઈ પટેલે જણાવ્યું હતું કે કેટલાક સભ્યોએ મિટિંગમાં હોબાળો મચાવ્યો હતો. બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા ત્રણેય નવાં નામોને ડિરેક્ટર તરીકે સ્વીકારવાની મનાઈ કરી દેવામાં આવી હતી અને વિવાદ વધતા સામાન્ય સભા રદ કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

તાપીમાંથી 4 પીઆઈની જાહેર હિતમાં બદલી

તાપી જિલ્લા પોલીસ બેડામાં કહીં ખુશી કહીં ગમનો માહોલ

4 પી.એસ.આઈ.ની PIની બઢતી સાથે નિમણૂક

વ્યારા: રાજ્યમાં પોલીસ મહા નિરીક્ષક ગાંધીનગર દ્વારા ગતરોજ જાહેર હિતમાં સમગ્ર રાજ્યભરના 518 જેટલા પી.આઈ.ની સાગમટે બદલીનો ગંજીપો કસતા તેમજ રાજ્યના 254 જેટલા બિનહથિયારી PSIની PIની બઢતીનો હુકમો કરવામાં આવ્યા છે, જેમાં તાપી જિલ્લામાંથી 4 પોલીસ ઈન્સ્પેક્ટરની તાત્કાલિક અસરથી જાહેર હિતમાં બદલી કરવામાં આવી હતી. જ્યારે 4 પી.એસ.આઈ.ની PIની બઢતી આપતાં 3ની જિલ્લા બહાર નિમણૂક કરવામાં આવી હતી. જ્યારે મહિલા PSI પૂજા પારેખને તાપી જિલ્લામાં જ પોલીસ ઈન્સ્પેક્ટરની બઢતી સાથે નિમણૂક કરાયાં છે. તાપી જિલ્લાના PIની બદલી તરફ નજર કરીએ સોનગઢ પોલીસ સ્ટેશનના PI એન.એસ. ચૌહાણની અમદાવાદ ગ્રામ્ય, PI એમ.એ.સુમરાની અમદાવાદ શહેર, PI કે.બી. લિંબાચીયાની વડોદરા શહેર, PI એચ.જી.રબારીની વલસાડ ખાતે તાત્કાલિક અસરથી જાહેર હિતમાં બદલી કરવામાં આવી હતી. ઉપરાંત જિલ્લાના 4 પોલીસ સબ ઈન્સ્પેક્ટરને PIની બઢતી સાથે નિમણૂક કરવામાં આવ્યા હતા, જેમાં PSI નરેશ પાંચાણીની સુરત ગ્રામ્ય, શક્તિસિંહ સોઢાની રાજકોટ શહેર, જિગ્નેશ આહીરની સાઈબર સેન્ટર ઓફ એક્સેલન્સ, ઈશ્વર દેસાઈની વડોદરા શહેર ખાતે તેમજ મહિલા PSI પૂજા પારેખની તાપી જિલ્લામાં જ PIની બઢતી આપવામાં આવી હતી. રાજ્યમાં ગૃહ વિભાગ દ્વારા જાહેર હિતમાં તાત્કાલિક અસરથી બદલી સહિત બઢતીનો દોર શરૂ થતાં તાપી જિલ્લા પોલીસ બેડામાં કહીં ખુશી કહીં ગમનો માહોલ જોવા મળી રહ્યો છે.

જોળવા ગામમાં યુવકનો ફાંસો ખાઈ આપઘાત

પલસાણા: મૂળ ઓરિસ્સાના ગંજામ અને હાલ પલસાણાના જોળવા ગામે 'શિવપૂજા એવન્યુ'ના રૂમ નં.૨૦૬માં રહેતા ૨૮ વર્ષીય ચંદન દયાનિધી પ્રધાને પોતાના રૂમમાં પંખાની હૂક સાથે દોરી અને ગમછા વડે ફાંસો ખાઈ લીધો હતો. આ અંગે પલસાણા પોલીસે વધુ તપાસ આદરી છે.

આંતરરાજ્ય નેટવર્ક: ગોવાથી દારૂનું કન્ટેનર મુંબઈ-વડોદરા તરફ જતું હતું

'એક ફેરાના 50 હજાર': દસ્તાન હાઇવે પર 77 લાખનો દારૂ ઝડપાયો

દારૂ, કન્ટેનર, મોબાઇલ અને રોકડા મળી 92 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરાયો

પલસાણા: સુરત ગ્રામ્ય એલ.સી.બી. પોલીસે દસ્તાન ગામની સીમમાં નેશનલ એક્સપ્રેસ વે પરથી ગેરકાયદે વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસની ટીમે બાતમીના આધારે વોચ ગોઠવી એક ટાટા કન્ટેનર નં.(HR-38-V-4474) ને અટકાવતા તેમાંથી રૂ.૭૭.૨૫ લાખની કિંમતની દારૂની ૫૧,૫૦૪ બાટલીઓ મળી આવી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સુરત જિલ્લા એલ.સી.બી. શાખાની ટીમ પેટ્રોલિંગમાં હતી. એ સમયે કોન્સ્ટેબલ દીપકભાઈ અનિલભાઈને બાતમી મળી હતી કે, ગોવાથી દારૂ ભરીને એક કન્ટેનર મુંબઈ થઈ વડોદરા તરફ જઈ રહ્યું છે. આ બાતમીના આધારે પંચોની હાજરીમાં દસ્તાન હાઈવે પર ટ્રેપ ગોઠવવામાં આવી હતી. પોલીસે કન્ટેનર રોકી ડ્રાઈવર સુનીલ છોગારામજી બિશ્નોઈ (રહે.,જોધપુર, રાજસ્થાન)ની અટકાયત કરી છે. ડ્રાઈવરની પૂછપરછમાં બહાર આવ્યું છે કે સાંચોરના રમેશ ચૌધરીએ તેને એક ફેરાના ૫૦,૦૦૦ રૂપિયાની લાલચ આપી આ જથ્થો હુબલીથી મોકલ્યો હતો. પોલીસે કન્ટેનરમાંથી 51504 બોટલ દારૂનો જથ્થો કિં.રૂ.77,25,600, ૧૫ લાખનું કન્ટેનર, બે મોબાઈલ ફોન અને રોકડ મળી કુલ રૂ.૯૨,૪૦,૩૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે રમેશ ચૌધરી સહિત અન્ય ત્રણ શખ્સને વોન્ટેડ જાહેર કરી પલસાણા પોલીસે ગુજરાત નશાબંધી અધિનિયમ હેઠળ વધુ તપાસ હાથ ધરી છે.

સોનગઢમાં યુરિયા ખાતરની અછત: ખેડૂતોની કતાર લાગી

એક-એક થેલી માટે લાઈનમાં ઊભા રહેવા ખેડૂતો મજબૂર

સોનગઢ: સોનગઢ તાલુકામાં હાલ ખેતીની સિઝન પૂરજોશમાં ચાલી રહી છે. ત્યારે ખેડૂતો માટે પાયાની જરૂરિયાત એવા યુરિયા ખાતરની તીવ્ર અછત સર્જાતાં જગતનો તાત મુશ્કેલીમાં મુકાયો છે. સોનગઢનાં વિવિધ ખાતર વિતરણ કેન્દ્રો અને સહકારી મંડળીઓ પર વહેલી સવારથી જ ખેડૂતોની લાંબી કતારો જોવા મળી રહી છે. ધોમધખતા તાપમાં કલાકો સુધી ઊભા રહ્યા બાદ પણ પૂરતો જથ્થો ન મળતાં ખેડૂતોમાં તંત્ર સામે ભારે રોષ ફાટી નીકળ્યો છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર સોનગઢનાં અંતરિયાળ ગામડાંમાંથી ખેડૂતો ભાડાનાં વાહનો કરીને વહેલી સવારથી જ ખાતર લેવા માટે ઊમટી પડે છે. વધતા જતા તાપમાન અને કાળઝાળ ગરમી વચ્ચે વૃદ્ધો અને મહિલા ખેડૂતો પણ ખાતરની એક-એક થેલી માટે લાઈનમાં ઊભા રહેવા મજબૂર બન્યા છે. ખેડૂતોનો આક્ષેપ છે કે ખાતરનો જથ્થો ઓછો હોવાને કારણે લાંબો સમય રાહ જોયા બાદ પણ જરૂરિયાત મુજબનું ખાતર મળતું નથી, જેના કારણે ખેતીકામમાં મોટો અવરોધ ઊભો થયો છે. જો પાકને સમયસર યુરિયા ખાતર ન મળે તો ઉત્પાદનમાં મોટો ઘટાડો થવાની ભીતિ સેવાઈ રહી છે.

વહીવટી તંત્ર દ્વારા ખાતરનો પૂરતો જથ્થો હોવાના દાવા કરવામાં આવે છે, પરંતુ જમીની હકીકત કંઈક અલગ જ જોવા મળી રહી છે. ખેડૂતોની માંગ છે કે સોનગઢ તાલુકાની જરૂરિયાત મુજબ ખાતરનો નવો જથ્થો તાત્કાલિક ફાળવવામાં આવે અને વિતરણ વ્યવસ્થા વધુ પારદર્શક બનાવવામાં આવે. જેથી કોઈ પણ ખેડૂતને ખાલી હાથે પરત ન ફરવું પડે.

નીલ ગાયના ટોળાએ બાઈકને અડફેટે લેતાં યુવાનનું મોત

ભરૂચ: ભરૂચના દયાદરા ગામે રહેતો 19 વર્ષિય વિષ્ણુભાઈ વસાવા વિલાયત જીઆઈડીસી સ્થિત બિરલા ગ્રાસીમ કંપનીમાં ફરજ બજાવી સવારે ઘરે પરત ફરી રહ્યો હતો. ત્યારે નં.(GJ-16 EH-0228) પર અરગામાના કબ્રસ્તાન પાસે પહોંચતાં નીલ ગાયનું ટોળું આડે આવતાં પટકાયો હતો. જેથી હોસ્પિટલ ખસેડતાં પહેલાં દમ તોડી દીધો હતો.

પલસાણામાં બોગસ ડોક્ટર ઝડપાયો

પલસાણા: પલસાણા પોલીસમથકની હદમાં આરોગ્ય વિભાગ અને પોલીસના સંયુક્ત ઓપરેશનમાં એક બોગસ ડોક્ટરને ઝડપી પાડવામાં આવ્યો છે. પલસાણા ગામના પરવેશ પાર્કમાં આવેલી વિકાસભાઈની બિલ્ડિંગના રૂમ નંબર ૧ માં 'જોય ક્લિનિક' નામે ગેરકાયદે પ્રેક્ટિસ ચલાવતા સંજીત અજીત બિશ્વાસ નામના ૩૦ વર્ષીય શખ્સને પોલીસે રંગેહાથ પકડી લીધો છે.

કણાવ પી.એચ.સી. ના મેડિકલ ઓફિસર ધવલભાઈ શાંતિલાલભાઈ મર્ચન્ટની ફરિયાદને આધારે પોલીસે આ કાર્યવાહી હાથ ધરી હતી.

તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે મૂળ પશ્ચિમ બંગાળનો રહેવાસી આ શખ્સ ગુજરાત મેડિકલ કાઉન્સિલના કોઈ પણ માન્ય રજિસ્ટ્રેશન કે ડિગ્રી વગર ક્લિનિક ચલાવી રહ્યો હતો. તે નિર્દોષ લોકોના સ્વાસ્થ્ય અને માનવ જીવન સાથે ગંભીર ચેડાં કરી રહ્યો હતો. દરોડા દરમિયાન પોલીસને ક્લિનિકમાંથી મેડિકલ સાધન-સામગ્રી અને દવાઓ મળી કુલ ૧૪,૧૦૫ રૂપિયાનો મુદ્દામાલ મળી આવ્યો છે.

પલસાણા પોલીસે આ મામલે ધી ગુજરાત મેડિકલ પ્રેક્ટિસ એક્ટ ૧૯૬૩ ની કલમ ૩૦ અને ૩૫ મુજબ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે. હાલ એ.એસ.આઈ. ચન્દ્રદીપ રાજારામભાઈ આ કેસની વધુ તપાસ કરી રહ્યા છે.

કુકરમુંડાના આધેડની મહારાષ્ટ્રમાં હત્યા

કુકરમુંડા: કુકરમુંડાના આધેડની નંદુ ર બાર જિલ્લાના તલોદાના સતો ના ગામની સીમમાં હત્યા કરવા માં આવતાં મામલો તલોદા પોલીસમથકમાં પહોંચ્યો હતો.

નંદુરબા ર જિલ્લાના તલોદાના સતોના સીમના ખેતર વિસ્તારમાં હત્યાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. કાંતિલાલ મોતીરામ વળવી (ઉ.વ.57) (રહે., બાલંબા, તા. કુકરમુંડા, જિ.તાપી) ની અજાણ્યા ઈસમ દ્વારા હત્યા કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ તા.25/3/2026ની સવારથી 26/3/2026ની સવારે વચ્ચે અજાણ્યા આરોપીએ કોઈ હથિયાર વડે મૃતકના માથા પર ગંભીર ઈજા પહોંચાડી અને ત્યારબાદ દોરી વડે ગળું દબાની હત્યા કરી હતી. આ બનાવ અંગે મહેન્દ્રભાઈ કાંતિલાલભાઈ વળવીની ફરીયાદના આધારે તલોદા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. તલોદા પોલીસે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચુકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ ૬ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૦

નોકરી વિષયક

બેંકિંગ ક્ષેત્રમાં
ટેલિકોલીંગ માટે હિન્દી અને ગુજરાતી 20 Female તાત્કાલિક જોઈએ છે પગાર ધોરણ 10000 થી 20000 સુધી. 08976373893/ 09998435614 (પાર્ટટાઈમ નથી/ વર્ક ફ્રોમ હોમ નથી)

ઓફિસ, બેંક
અને બહારના કામ માટે છોકરાઓ જોઈએ છે 12 પાસ ડિપ્લોમા તથા કોમ્પ્યુટરનું જ્ઞાન જરૂરી આકર્ષક પગાર સાથે સંપર્ક 9726222200

જોઈએ છે
9:30 થી 6 વાગ્યા સુધી, ઘરના છૂટક કામ માટે લેડીઝ, ઘોડદોડ રોડ, રામચોક વિસ્તારમાં, પગાર- 13000/- Mobile- 9998103035

FOR Sell
70,000/-ના માસિક ભાડામાં
કોર્પોરેટ કંપનીને ૯ થી ૧૨ વર્ષની લીંગ લીઝ પર આપેલ ઓફિસ
પાર્લે પોઈન્ટ મેઈન રોડ પર
Dhaval Cyclewala 98980 24032

જોઈએ છે
સ્કૂલબસ માટે ડ્રાઈવર- 4, કંડકટર- 3. ધન્વંતરિ કેમ્પસ- કિમ 9924204829- 9924204827

જોઈએ છે
ડાઈંગ હાઉસના અનુભવી કોમ્પ્યુટર જાણકાર ટાઈમ કીપર, મળો: સંજયભાઈ MO: 9904805539, ક્રિષ્ના આર્ટ સિલ્ક ક્લોથસ પ્રા.લિ, 261- A, જી.આઈ.ડી.સી, પાંડેસરા, સુરત,

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

સ્વપ્ન ટ્રાવેલ્સ
પર વર્ષમાં પ્રવેશ રેલ્વે 2x2 દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદારનાથ, યમનોત્રી, ગંગોત્રી, હરિદ્વાર, તારીખ- 21/4, 3/5, 26/05, દિવસ- 15. (2) અધિક માસમાં હરિદ્વાર, તારીખ- 22/5, દિવસ- 7. (રેલ્વે બુકીંગ 60 દિવસ પહેલા થાય છે) દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળો- દિપકભાઈ બોડીવાલા, યોગી કોમ્પ્લેક્ષ, મહેન્દ્ર કેરીવાલાની બાજુમાં, ન્યુ રાંદેરરોડ, સુરત.: 9825144143, 9898700934, 9712882315

સાગર 9427113317
એસી બસમાં 3501/- દ્વારકા, સોમનાથ, સારંગપુર, 2- એપ્રિલ,

ઓમશિવ ટ્રાવેલ્સ
29- એપ્રિલ, તિરૂપતિ બાલાજી, સાત જ્યોતિલીંગ, કન્યાકુમારી, મૈસુર. દર બુધવારે, દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા, દર ગુરૂવારે ઉજ્જૈન, ઓમકારેશ્વર, શિહોર, અધિક માસમાં હરિદ્વાર, ગોકુલ, મથૂરા, વૃંદાવન, બરસાણા. 12- મેં ચારધામ. 9- એપ્રિલ, અષ્ટવિનાયક, પાંચ જ્યોતિલીંગ. ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

જમીન વેચવાની છે
1. સોલાર લાયક 66 KV નજીક 15.5 વિઘા જુની શરત નહેરની બાજુમાં અને ખેતી માટે ઉત્તમ તક
2. મહુવા, 55 ગુંઠા, કેસર કલમ, રોડ ટચ, જુની શરત
3. મહુવા 3.5 વિઘા ફાર્મ હાઉસ, રોડ ટચ, કેસર કલમ, જુની શરત, બોર, નહેરનું પાણી
9725710000

હિમાલયા હોલીડેઝ
(1) અમરનાથ યાત્રા 1 જુલાઈ Rs: 9999/= (2) અમરનાથ સાથે કાશ્મીર, ગુલમર્ગ, સોનમર્ગ Rs: 20999/= Mo 9825142005/ 9427803273 (902)

મિલ્કત લે-વેચ

હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

વ્યવસાયીક ધંધાકીય

વુલન સ્વેટરો,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

કબુતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

ઘરબેઠા TV, LCD,
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં, દામીની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

ફીઝીકલ શેર સર્ટીફીકેટ
વારસદારનાં નામે ટ્રાન્સફર તથા ખોવાયેલ ડુપ્લીકેટ મેળવવા ડીમેટ કરાવવા 9327312210

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

વ્યવસાયીક આરોગ્ય વિષયક

મોતીયાનું ઓપરેશન
ટાંકાવગર માત્ર 8400માં દવાવાળા આઈકેર હોસ્પિટલ પાલનપુર જકાતનાકા, 9898133189

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.